# રોકાણ કરતાં પહેલાં જાતે જ સવાલો ઉઠાવો અને પછી નિર્ણય લો

**લેખકઃ સચીન વજાણી**

જ્યારે પણ શેરબજારમાં મોટો ઘટાડો આવતો હોય છે ત્યારે જેઓ રોકાણ કરવા માગતા હોય તેમને તો તેમાં મોટી તક દેખાતી હોય છે. સેબી દ્વારા છેલ્લા કેટલાક સમયથી રોકાણકારોના હિત માટે કડક પગલાં લેવાઈ રહ્યાં છે, જેને કારણે શેલ કંપનીઓ અને ખોટું કામ કરતી કંપનીઓની હાલત કફોડી બની છે. ખોટી બેલેન્સશીટ બનાવી ખોટ કરતી કંપની પોતાને નફો કરતી બતાવે એવા ઘણા કિસ્સાઓ આપણે જોઈ ચૂક્યા છીએ.

એક સમયે મોટા બ્રોકરો કે વચેટિયાઓ શેરબજારમાં ગરબડ કરી કરોડો કમાતા અને આજે એમના સ્થાને વિજય માલ્યા અને નીરવ મોદી જેવા બિઝનેસમેન બેંકોને જ લાખો-કરોડો રૂપિયાનું ચંદન તિલક કરી દેશમાંથી રફુચક્કર થઈ જાય છે. એવા સંજોગોમાં સામાન્ય રોકાણકારો કોઈ પણ બ્રોકર કે કંપની પર તાત્કાલિક ભરોસો કર્યા વિના જો પોતાની રીતે રિસર્ચ કરી આગળ વધે તો તેમને એ રિસર્ચ અહીં કામ લાગી શકે છે, જરૂર છે માત્ર જાગરૂકતા અને સાચી જાણકારીની.

## રોકાણ કરતાં પૂર્વે પર્યાપ્ત રિસર્ચ કરો

મોટા ભાગે રોકાણકારો એવી કંપનીઓ તરફ જલ્દીથી આકર્ષાય છે, જે ઓછા સમયમાં મોટી કમાણી કરાવતી હોય. આવી કંપનીનો ઈતિહાસ ચકાસ્યા વગર જો રોકાણ કરવામાં આવે તો પૈસા ગુમાવવાનો વારો પણ આવી શકેછે. મૂડીબજારમાં કરોડો રૂપિયાનું કરી ગયેલી અમુક કંપનીઓના કેસથી લગભગ સૌ કોઈ પરિચિત હશે. આવી કંપનીઓ ખોટ થતી હોવા છતાં નકલી અને બોગસ દસ્તાવેજોના આધારે ઓડિટરોને ફસાવી એમની સાઈન મેળવી લે છે અથવા તેમને મેનેજ કરી લે છે. ઓડિટરને ખોટા દસ્તાવેજ અનેખોટી વિગતો આપી કંપનીઓ પોતાનું પરિણામ હોય એ કરતાં સારું બતાવી લોકોને આકર્ષતી હોય છે. રોકાણકારો કંપનીઓના જબરદસ્ત નફાના આંકડાથી આકર્ષાય અને સમય જતાં પોતાનાં નાણાં ગુમાવી બેસે છે. કહેવાનું

તાત્પર્ય એ કે જો રોકાણકારોએ એ સમયે એવો પ્રશ્ન કર્યો હોત કે આ કંપની એવો તે કયો બિઝનેસ કરે છે કે એને એવા કયા ઓર્ડર મળે છે કે જેને કારણે માત્ર અમુક

વર્ષના નાના સમય ગાળામાં એના નફામાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો? સ્વાભાવિક રીતે ઉદ્ભવતા આવા પ્રશ્નના જવાબની શોધખોળમાં જો કોઈએ તપાસ કરી હોત તો આવાં કૌભાંડ વહેલાં બહાર આવી શકે.

## પોતાને યોગ્ય લાગે તે જ કરો

સામાન્યપણે ભારતીય રોકાણકાર એવી સ્કીમ કે કંપનીમાં રોકાણ કરે છે, જ્યાં એનો કોઈ પાડોશી -સગાં કે મિત્ર રોકાણ કરતાં હોય. ઘણી વાર એવું પણ બને છે કે કોઈ નાણાકીય સલાહકાર પોતાનો મિત્ર કે ઓળખીતો હોવાને કારણે એણે બતાવેલી સ્કીમમાં કમને રોકાણ કરી નાખે છે. આવા કિસ્સામાં એક સામાન્ય રોકાણકાર માટે એ જરૂરી બની જાય છે કે એ પોતાની નાણાકીય સ્થિતિ અને નાણાકીય જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આગળ વધે. ધારો કે કોઈ રોકાણકાર વર્ષે લાખ રૂપિયાનું રોકાણ કરીને પણ નફો કરતો હોય અને અન્ય કોઈ રોકાણકાર તેનાથી વધુ રકમનું રોકાણ કરવા છતાં ખોટ કરતો હોય, તો એવા સંજોગોમાં લાખ રૂપિયાનું રોકાણ કરતા રોકાણકારની સ્ટ્રેટેજી અને એની આઈડિયાની બિંદાસ ચોરી કરી શકો છો પણ જો એ તમને યોગ્ય લાગે અને તમારી જરૂરિયાતોને સંતોષે એમ હોય તો જ એનો અમલ કરવો તમારા માટે હિતાવહ સાબિત થઈ શકે છે. ટૂંકમાં જે પ્રમાણે જીવન જીવવા કોઈ આદર્શને કે તેના વિચારોને તમે ફોલો કરતા હો છો પણ અંતે તો જીવન તમે તમારી જ રીતે જીવો છો એ જ પ્રમાણે રોકાણ માટે તમે કોઈ બીજાનો આઈડિયા લઈ શકો છો પણ કરો એ જ જે તમને યોગ્ય લાગે.

## કંપનીનું રેટિંગ તમે ખુદ નક્કી કરો

રોકાણકારોને કઈ કંપનીમાંથી વધારે અને કઈ કંપનીમાં ઓછું વળતર મળવાની સંભાવના છે, કઈ કંપનીની કામગીરી વ્યવસ્થિત અને સકારાત્મક છે અને કઈ કંપનીની નથી, એવા વિવિધ માપદંડોને આધારે કંપનીઓના રેટિંગ, રેટિંગ એજન્સીઓ દ્વારા નક્કી કરવામાં આવતા હોય છે. જોકે ઘણીવાર ક્રેડિટ રેટિંગ એજન્સીઓ પોતાનું રેટિંગ પાછું ખેંચી લેતી હોય છે, જેની રોકાણકારોને યોગ્ય રીતે જાણ થતી નથી. એવામાં નિષ્ણાતોનું કહેવું છે કે રેટિંગ એજન્સીના આધારે બેસવા કરતાં જો રોકાણકાર જે-તે કંપનીની કામગીરી માટે પોતાના કેટલાક માપદંડ નક્કી કરી એને પોતાની રીતે રેટિંગ આપે તો એ એના રોકાણ માટે એક પ્રશંસનીય પગલું કહી શકાય. પાછલાં વર્ષોમાં કંપનીનું કામકાજ કેવું રહ્યું, હાલમાં કંપનીની શું કામગીરી છે અને

ભવિષ્યની શું વ્યૂહરચના છે, એવાં પાસાંને ધ્યાનમાં રાખવા ઉપરાંત કંપનીના માથે કેટલા રૂપિયાનું ઋણ છે? કોઈ પણ પ્રોજેક્ટમાં કંપનીએ પોતાના ખિસ્સામાંથી કેટલાં નાણાં રોક્યાં છે? આવા અનેક પ્રશ્નોના આધારે રોકાણકાર કંપનીનું મૂલ્યાંકન કરી શકે છે.

## એન્યુઅલ રિપોર્ટનો અભ્યાસ કરો

લિસ્ટેડ કંપનીઓ દર વર્ષે પોતાના વાર્ષિક કામકાજના અહેવાલરૂપે એન્યુઅલ રિપોર્ટ બહાર પાડતી હોય છે, જેમાં કંપનીના શરૂઆતથી માંડીને ભવિષ્યના અંદાજિત આંકડા અને લક્ષ્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય છે. રોકાણકાર જો કોઈ કંપનીમાં રોકાણ કરવા માગતો હોય તો એણે જે-તે કંપનીનો એન્યુઅલ રિપોર્ટનો ખાસ અભ્યાસ કરવો જોઈએ. ઘણી વાર કંપનીએ જાહેર કરેલા આંકડા જોવામાં સારા લાગે છે પણ વાસ્તવિકતા કંઈક જુદી જ હોય છે. આવા આંકડા પહેલી નજરે સારા લાગી શકે, કિંતુ તપાસ કરતાં એની પાછળની હકીકત કંઈ જુદી જ નીકળી શકે. કંપનીના કામકાજમાં કે એની ખાતાવહીમાં જો કંઈ ગરબડ જણાય તો રોકાણકાર તરીકે તમે કંપનીને સવાલ કરી શકો છો અને જરૂર પડે તો એકસચેંજ અથવા નિયામક પાસે એની ફરિયાદ પણ કરી શકો છો. નિષ્ણાતોનું કહેવું છે કે જે કંપની નવા સેક્ટરમાં જવા માગતી હોય પણ કોઈ કારણસર એ સફળ ન થઈ શકતી હોય તો એ જે-તે સેક્ટરની કંપનીને હસ્તગત કરવાનો વિચાર કરતી હોય છે, જેથી કરીને એને તૈયાર બજાર અને ગ્રાહક મળી રહે.

## કૌભાંડ કોઈ પણ સેકટરમાં થઈ શકે

સદીઓથી બેન્કો અને રોકાણકારોને છેતરતાં કૌભાંડો થતાં રહ્યાં છે. આવા અનેક કૌભાંડોને પગલે દેશની કાર્યપ્રણાલી, બેન્કિંગ સિસ્ટમની પારદર્શકતા સામે અનેક સવાલો સ્વાભાવિક રીતે ઊભા થાય છે, જે દેશના વાસ્તવિક વિકાસમાં બાધારૂપ બને છે. રોકાણકારો સવાલ પૂછવાનો આગ્રહ રાખે એ માટે રાઈટ ટૂ ઈન્ફોર્મેશન (આરટીઆઈ) જેવો સારો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. માત્ર બેન્કિંગ સેક્ટરમાં નહીં પણ કોઈપણ સેક્ટરમાં કૌભાંડ થઈ શકે છે પણ જો એને અટકાવવાં હોય તો એક જાગરૂક નાગરિકે સવાલ કરવાની અને કંપનીના શંકાસ્પદ લાગે એવાં પગલાંને ક્રોસ-ચેક કરવાની અને સત્તાવાળાઓનું તેના પ્રત્યે ધ્યાન દોરવાની ટેવ પાડવી જોઈએ.

--------------------------------------------------------------------------------